**છઠ્ઠા પગાર પંચ અન્વયે મળવાપાત્ર તફાવતના પહેલા હપ્તાની ૨૦% રકમ કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ (G.P.F.) ખાતામાં જમા થયેલ રકમના "Lock in period" ના સંદર્ભમાં તેના ઉપાડ અંગેની સ્પષ્ટતા**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : પગર-૧૦૨૦૧૪-૮૯-પગાર એકમ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૯-૦૬-૨૦૧૪

વંચાણે લીધા :

(૧) નાણા વિભાગના તા. ૧૨-૦૨-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક : પગર-૧૦૦૯-૧-પગાર એકમ (મ)
(૨) નાણા વિભાગના તા. ૨૦-૦૩-૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક : પગર-૧૦૦૯-૩-પગાર એકમ (મ).,
(૩) નાણા વિભાગના તા. ૧૮-૦૧-૨૦૧૦ નો પરિપત્ર ક્રમાંક : પગર-૧૦૦૯-૨૫-પગાર એકમ (મ)

પરિપત્ર :

રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રિય છઠ્ઠા પગાર પંચની ભલામણોનો સ્વીકાર કરીને રાજ્યના કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળ તા. ૦૧-૦૧-૨૦૦૬થી પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. નાણા વિભાગના તા. ૨૦-૦૩-૨૦૦૯ના ઠરાવથી કર્મચારીઓને તા. ૦૧-૦૧-૨૦૦૬ થી તા. ૩૧-૦૩-૨૦૦૯ સુધીના સમયગાળાની મળવાપાત્ર પગાર તફાવતની રકમ દર વર્ષે ૨૦% પ્રમાણે પાંચ સરખા વાર્ષિક હપ્તામાં કર્મચારીના સામાન્ય ભવિષ્યનિધિ (G.P.F.) ખાતામાં પાંચ વર્ષના "Lock in period" સાથે જમા કરાવવાનો નિર્ણય લેવામાં આવેલ હતો અને તેવું નક્કી કરવામાં આવેલ હતું કે પ્રથમ હપ્તાની રકમ કર્મચારીના ખાતામાં ગમે તે તારીખે જમા થાય પરંતુ તેનુ વ્યાજ તેઓને તા. ૦૧-૦૪-૨૦૦૯ થી મળવાપાત્ર થશે. તે અનુસાર નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦માં પગાર તફાવતનો પ્રથમ હપ્તો કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ (G.P.F.) ખાતામાં જમા કરાવવામાં આવેલ હતો. પરંતુ અલગ કચેરીઓમાં અલગ તારીખો પર નાણા સામાન્ય ભવિષ્ય નિધિ (G.P.F.) ખાતામાં જમા કરવામાં આવેલ હોય, તે અન્વયે કર્મચારીઓને સામાન્ય ભવિષ્ય નિધિ (G.P.F.) ના ઉપાડ અંગે ઉક્ત "Lock in period" નાં ૫ વર્ષના સમયગાળાને કઈ તારીખથી પૂર્ણ થયેલ ગણવો તે અંગે પૃચ્છા થયેલ છે.

આ બાબતે કાળજીપૂર્વકની વિચારણા બાદ આ વિભાગના તા. ૨૦-૩-૨૦૦૯ના ઠરાવ અન્વયે પગાર તફાવતના પ્રથમ હપ્તાની રકમ ગમે તે તારીખે કર્મચારીઓના સામાન્ય ભવિષ્ય નિધિ (G.P.F.) ખાતામાં જમા થયેલ હોય પરંતુ, તેના પર વ્યાજ તા. ૦૧-૦૪-૨૦૦૯ થી આપવાનું નક્કી થયેલ છે તે જોતાં તે રકમના ઉપાડ સંદર્ભે તેનો "Lock in period" પૂર્ણ થવાની તા. ૩૧-૦૩-૨૦૧૪ ગણવાનું આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

આ સ્પષ્ટતા ધ્યાનમાં લઈ સર્વે કચેરીઓના ઉપાડ અને વહેંચણી અધિકારીઓને જણાવવામાં આવે છે કે, જ્યારે કર્મચારી/અધિકારી દ્વારા સામાન્ય ભવિષ્ય નિધિ (G.P.F.) ખાતામાંથી ઉપાડ કરવાની માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબનું અર્થઘટન ધ્યાને લઈ ઉપાડની રકમની ગણતરી કરી તે મુજબ મંજૂરી આપવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
ઉપસચિવ, નાણા વિભાગ